ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2364/04/2024** **તા.23-04-2024**

## લોકસભા ચૂંટણી અંતર્ગત મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમા નિકોલ ખાતે ખેડા લોકસભાની જાહેરસભા યોજાઇ.

----

## લોકસભા ચૂંટણી પહેલા ગુજરાતે સુરતની એક બેઠક આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને સૌ પ્રથમ અર્પણ કરી. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

----

## દેશની જનતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને સતત ત્રીજી વખત વડાપ્રધાન બનાવવા મકક્મ છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

----

## વડપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમા એક તરફ ભગવાનશ્રી રામજીની પ્રતિષ્ઠા અને બીજી તરફ ચંદ્રયાન પણ સફળતાથી પહોંચ્યુ છે. – શ્રી દેવુંસિહ ચૌહાણ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, લોકસભા ચૂંટણી અંતર્ગત મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમા નિકોલ ખાતે ખેડા લોકસભાની જાહેરસભા યોજાઇ.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે હનુમાન જંયતિના પાવન પર્વની સૌને શુભકામના પાઠવતા સંબોધન કર્યુ કે, લોકસભા ચૂંટણી પહેલા ગુજરાતે સુરતની એક બેઠક આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને સૌ પ્રથમ અર્પણ કરી છે. આજે લોકસભાની ચૂંટણી મા આ વખતે દેશની જનતાએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને સતત ત્રીજી વખત વડાપ્રધાન બનાવવાનુ મન બનાવ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશની અર્થવ્યવસ્થા 11 મા સ્થાનેથી પાંચમા સ્થાન સુધી પહોંચાડી છે અને આવનાર સમયમા દેશની અર્થવ્યવસ્થા ત્રીજા સ્થાને પહોંચાડશે તેનો વિશ્વાસ છે. મોદી સાહેબના નેતૃત્વમા દેશમા વિકાસની રાજનીતી ની શરૂઆત થઇ છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે વધુમા જણાવ્યું કે,આજે દસ વર્ષમા ટેક્સપેયરની સંખ્યા વધી છે અને દેશમા વિકાસના કામો થયા છે. મોદી સાહેબે કેન્દ્ર સરકારની દરેક યોજના છેવાડાના માનવીને પહોંચાડી છે તેના કારણે જનતાને મોદી સાહેબની ગેરંટી પર વિશ્વાસ છે. આ વખતે જનતા એ મન બનાવી લીધુ છે કે આ વખતે મોદી સાહેબને 400 થી વધુ બેઠકો સાથે ફરી દેશની સત્તા સોંપીએ.

કેન્દ્રીયમંત્રી અને ઉમેદવારશ્રી દેવુંસિહ ચૌહાણે સંબોધન કરતા જણાવ્યું કે, લોકસભાની ચૂંટણી આ દેશ કોના હાથમા સોપવો તેની ચૂંટણી છે. પાછલા દસ વર્ષમા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સૌને સાથે રાખી ભારતને સમૃદ્ધ કરવાનુ કામ,વિશ્વના દેશો સમક્ષ ભારતની છબી મજબૂત કરવાનુ કામ કર્યુ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમા એક તરફ ભગવાનશ્રી રામજીની પ્રતિષ્ઠા અને બીજી તરફ ચંદ્રયાન પણ સફળતાથી પહોંચ્યુ છે. કોવિડ મહામારીમા અનેક મુશ્કેલી સામે વિકસીત દેશોની આર્થિક સ્થિતિ ડામાડોળ થઇ પરંતુ મોદી સાહેબે ભારતના લોકોની જાન પણ બચાવી અને અર્થવ્યવસ્થા પણ સાચવી. કોરોના સમયે દેશની જનતાને મફત રસી અપાવી  કોરોનાથી દેશને સુરક્ષીત રાખ્યો છે. દસ વર્ષમા આધુનિક ઇન્ફ્રાસ્ટ્રકચરનુ ખૂબ કામ થયુ છે.ઇતિહાસમા પહેલી વખત એવો દશક છે કે ભારતમા ટ્રેક રેકોર્ડ સાથે સરકાર કામ કરી છે.

આ કાર્યક્રમમા અમદાવાદ ગ્રામ્ય જીલ્લા પ્રમુખશ્રી હર્ષદભાઇ ગોસાઇ, ખેડા જીલ્લાના પ્રમુખશ્રી અજયભાઇ બ્રહ્મભટ્ટ, ધારાસભ્યશ્રીઓ શ્રી બાબુભાઇ પટેલ, શ્રી કચંનબેન રાદડીયા,શ્રી પાયલબેન કુકરાણી,મહિલા બાળ કમિટીના ચેરમેનશ્રી અલ્કાબેન મિસ્ત્રી,વિધાનસબાના ઇન્ચાર્જશ્રી ભાશ્કરભાઇ ભટ્ટ સહિત પ્રદેશ અને જીલ્લાના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)